

# પરિષદવૃત્ત

**સંકલન : અનિલા દલાલ**

(૧) પરિષદ સંચાલિત રવીન્દ્રભવનના ઉપક્રમે તા. ૩-૧૨-૨૦૦૮ના સાંજે રવીન્દ્રનાથના છેલ્લા કાવ્યસંગ્રહ 'શેષલેખા'ના અંતિમ કાવ્ય નં. ૧૫ વિશે શ્રી નિરંજન ભગતે કાવ્યના પઠન પછી ચર્ચા કરી. ચર્ચામાં ઉપસ્થિત શ્રોતાઓએ પણ રસપૂર્વક ભાગ લીધો હતો. શ્રી શૈલેષ પારેખે એમનું મંતવ્ય રજૂ કર્યું હતું.

(૨) પરિષદના 'સર્જક સાથે સંવાદ' કાર્યક્રમમાં તા. ૨-૧૨-૦૮ના રોજ શ્રી દીવાન ઠાકોરે વાર્તાલેખક તરીકે વાર્તાલેખનની કેફિયત આપી હતી. અન્ય સર્જકોએ હાસ્યલેખ તેમજ કાવ્યોનું પઠન કર્યું હતું. 'પાક્ષિકી'ના ઉપક્રમે તા. ૫-૧૨-૦૮ના રોજ સાંજે શ્રી બિપિન પટેલે અમેરિકી વાર્તાકાર શ્રી રેમન્ડ કાર્વરની 'ધ કિન્ડલિંગ' વાર્તાનું પઠન કર્યું હતું. વાર્તાલેખકનો પરિચય આપતાં તેમણે તેમને અમેરિકાના આગલી હરોળમાં આવતા વાર્તાકાર ગણાવ્યા અને જણાવ્યું કે આ વાર્તા તેમણે ત્રીસ વાર લખી હતી, જે વિગત ભાવકોને સ્પર્શી ગઈ હતી.

(૩) પરિષદ અંતર્ગત ઍનીબેન સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિના ઉપક્રમે બાળસાહિત્યનાં લેખનમાં અને લેખન વિશેની પ્રક્રિયામાં લેખિકાઓ સક્રિય બને તેની વિચારણા-ચર્ચા માટે શ્રી ધીરુબહેન પટેલની ઉપસ્થિતિમાં એક સભાનું આયોજન તા. ૮-૧૨-૦૮ના રોજ બપોરે ૪.૦૦ વાગે કરવામાં આવ્યું. પાંચ-છ બહેનોના સમૂહમાં ભેગા મળી ચર્ચાઓ કરી અને પછી શ્રી રસીલા કડિયા, શ્રી લીના ત્રિવેદી અને શ્રી શ્રદ્ધા ત્રિવેદીએ બધાંના અભિપ્રાયો અને વિચારોનાં તારણો રજૂ કરતાં બાળલેખનની પ્રક્રિયામાં કેટલાં બધાં પરિબળોને ધ્યાનમાં રાખવાં જરૂરી છે તેનો આલેખ મળ્યો. ઘણા નોંધપાત્ર વિચારવાયોગ્ય મુદ્દાઓ વર્ણવાયા. આરંભમાં શ્રી ધીરુબહેને આખા પરિકલ્પની રૂપરેખા આપી હતી. અનિલા દલાલે સૌનું સ્વાગત કર્યું હતું.

આના જ અનુસંધાનમાં તા. ૧૮-૧-૦૮ની બપોરે બહેનોને બાળકો – કિશોરો – ૪થી ૧૨ વર્ષની વયના – માટે કાવ્યો, લેખો, વાર્તાઓ, નાટકો લખવા પરિષદ ભવનમાં આમંત્રિત કર્યા. એક નાની કાર્યશાળા બની રહી, જેમાં બહેનોએ ઉત્સાહથી લેખન કર્યું. શ્રી ધીરુબહેનની હાજરી સૌને પ્રેરક બની. લગભગ આ જ સમયગાળામાં ગાંધીનગરમાં પણ શ્રી પ્રજ્ઞાબહેન પટેલે લેખિકાઓની આવી કાર્યશાળા યોજી હતી.

(૪) તા. ૧૧-૧૨-૦૮ : શ્રી ઉશનસ્ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન વલસાડ મુકામે શ્રી નીરવ પટેલે આપ્યું. શ્રીમતી જે. પી. શ્રોફ આર્ટ્સ કૉલેજના યજમાનપદે કાર્યક્રમ યોજાયો હતો. પ્રિ. ડૉ. રશ્મિબહેન દેસાઈની તેમજ કવિ ઉશનસ્‌ની ઉપસ્થિતિમાં નીરવભાઈએ 'કવિ રઘુવીર ચૌધરીનું સંવેદનવિશ્વ' વિશે વ્યાખ્યાન આપ્યું. નવલકથાકાર તરીકે પ્રસિદ્ધ શ્રી રઘુવીર ચૌધરીનાં કાવ્યવિશ્વનાં માર્મિક સ્થાનો, સંવેદનો, રચનાશૈલી, ભાષાપ્રયોગોની વાત નીરવભાઈએ વિગતે કરી. શ્રોતાઓએ રસભર્યા વક્તવ્યને માણ્યું.

(૫) પરિષદ અને શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચના સંયુક્ત ઉપક્રમે શ્રી સુધાબહેન દેસાઈ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન ભરૂચ મુકામે યોજાયું. શ્રી ધીરુભાઈ પટેલે 'ડાંગનું લોકસાહિત્ય : સોહોંગ, તમાસા અને ભવાડા' વિશે ઉદાહરણો સહિત વક્તવ્ય આપ્યું. લોકનાટ્ય વિશેની વિગતો શ્રોતાઓ માટે નવીન અને રસપૂર્ણ રહી. આચાર્યશ્રી ડૉ. એન. એમ. પટેલની ઉપસ્થિતિ અને આવકાર ઉષ્માભર્યાં રહ્યાં.

(૬) 'સર્જક સાથે સંવાદ' અંતર્ગત તા. ૧૬-૧૨-૨૦૦૯ – સાંજે શ્રી ધીરુબહેન પટેલ અને શ્રી રતિલાલ બોરીસાગરે સર્જકોને શુદ્ધ લેખન અને ભાષાશુદ્ધિ વિશે સમજ આપી લેખનમાં કેવી રીતે આ બાબતો પાયામાં રહેલી છે તેની સ્પષ્ટતા કરી. શ્રી ધીરુબહેને શુદ્ધ લેખન માટેની કાર્યશિબિર યોજવાનું સૂચન કર્યું.

## આગામી કાર્યક્રમો

(૧) તા. ૭-૨-૨૦૦૯ : શ્રી ગની દહીંવાલા વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન શ્રી હેમંત ધોરડા મુંબઈ મુકામે, મુંબઈ યુનિવર્સિટીના સહયોગમાં બપોરે ૪.૦૦ વાગે આપશે. મુંબઈ યુનિ., કાલીના કૅમ્પસ, સાન્તાક્રુઝ – પૂર્વ. વિષય છે 'ગુજરાતી કાફિયાશાસ્ત્ર'.

(૨) પરિષદ અંતર્ગત 'જયંતિ એમ. દલાલ ષષ્ટિપૂર્તિ ફાઉન્ડેશન'ના ઉપક્રમે શ્રી ધીરુ પરીખ તા. ૧૭-૧-૦૯ના રોજ શ્રી જય વસાવડાલિખિત 'Shuddering Stones' – 'પથ્થર ધ્રૂજે થરથર' પર પરિષદભવનમાં વ્યાખ્યાન આપશે.

(૪) પરિસંવાદ : તા. ૨૭-૧-૦૯ અને ૨૮-૧-૦૯ના દિવસોએ ગુજ. સા. અકાદમીના સહયોગમાં પરિષદ ભવનમાં 'સાહિત્યમાં વિવિધ સમાજોનું નિરૂપણ' એ વિષય પર પરિષદ-પ્રમુખ શ્રી નારાયણ દેસાઈની અધ્યક્ષતામાં એક પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે.

(૪) ફેબ્રુઆરી ૨૦૦૯ના બીજા અઠવાડિયામાં રવિશંકર રાવળ વ્યાખ્યાન શ્રેણીના ઉપક્રમે શ્રી નવરોઝ કોન્ટ્રાક્ટર શ્રેણીનું છઠ્ઠું વ્યાખ્યાન પરિષદભવનમાં આપશે.

## 'ઢેઢના ઢેઢ ભંગી' એકાંકી અનુસરણ કાર્ય

ઉત્તર ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત યુનિવર્સિટમાંથી ઉમાશંકર જોશી કૃત એકાંકીસંગ્રહ 'સાપના ભારા' અભ્યાસક્રમમાંથી રદ કરવાના નિર્ણય-વિચારણા સામે તા. ૨૫-૫-૨૦૦૮ના રોજ પરિષદપ્રમુખ શ્રી નારાયણભાઈ દેસાઈના પ્રમુખસ્થાને અગ્રણી સાહિત્યકારો અને કર્મશીલોની બેઠક મળી હતી, તેમાં બંને યુનિવર્સિટીઓમાં પુસ્તક ચાલુ રાખવાની અપીલ કરતો ઠરાવ થયો હતો.

તેના અનુસંધાને ગુજરાત યુનિવર્સિટીના બૉર્ડ ઑફ સ્ટડીઝના સભ્યો તથા સંબંધિતોની સાથે એકાધિક વાર વિમર્શ થયો હતો. ગુજરાત યુનિવર્સિટીના બૉર્ડ ઑફ સ્ટડીઝની બેઠકમાં હાજર રહેવાનું નિમંત્રણ મળતાં પરિષદના પ્રતિનિધિઓ તરીકે શ્રી રમેશ ર. દવે અને શ્રી રાજેન્દ્રભાઈ પટેલ હાજર રહ્યા હતા. બૉર્ડમાં નિખાલસ અને ઊંડાણભરી ચર્ચાઓ થઈ હતી. ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસક્રમમાં પુસ્તક ચાલુ રહ્યું છે.

સંગ્રહના 'ઢેઢના ઢેઢ ભંગી' એકાંકીના સાહિત્યિક મૂલ્ય અંગે સર્વસંમતિ હતી. પરંતુ વર્ગખંડમાં કોઈ શિક્ષકનાં માનસિક વલણો વિદ્યાર્થીઓ માટે પ્રશ્નાર્થરૂપ બની શકે. એ સંદર્ભે પરિષદ વતીથી એક દરખાસ્ત કરવામાં આવી છે કે આ એકાંકી વર્ગખંડમાં ઉચિત દૃષ્ટિકોણથી ભણાવવા અંગે અધ્યાપકોને તાલીમ આપવામાં સાહિત્ય પરિષદ યુનિવર્સિટીને સહાયભૂત થશે. ❐